


## સલામી સવારની..

*જ્ઞાતિ-સમાજો, સરકાર સામે, પંગાઈ જાય છે,*
*સૌની નેતૃત્વને સત્તા માટે, દબંગાઈ થાય છે,*
*ફૂટ્યાં છે અંકૂર તમે જ વાવેલા વિખવાદના -*
*'ભાજપ'ની માંદી ગાયને બહુ બગાઈ ખાય છે...*

### હાઈકુ

*'રામ' ભૂલીને,*
*સમાજો થયા હવે -*
*'દેવી'-પૂજક...*
*(કૉંગ્રેસ તરફી હવા)*

*'સત્તર પછી -*
*મુજ વીતી, વિત સે -,*
*બેન - નિસાસો...*
*('વિજય ડગુમગુ)*

## ચિંતન

*ગુણમધિ ગતિમપિ ધનવાન ચિરાન્ના શયતિ રક્ષતિ દરિદ્રી ।*
*મજ્જયતિ રજ્જુમમ્મભસિ પૂર્ણઃ કુંભો ન ખલુ તુચ્છઃ ॥*

પ્રાપ્ત થયેલા, મળેલા સદ્‌ગુણ-સંસ્કાર ને પણ ધનવાન પોતાના એક અવિચારી પગલાંથી તરત-ક્ષણવારમાં નષ્ટ કરી દે છે, પરંતુ ગરીબ સંસ્કારી માણસ કોઈ ભોગે ચારિત્ર્ય-સંસ્કારને સાચવી રાખે છે.

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ'નો આ શ્લોક સમજાવવા રચયિતા દૃષ્ટાંત આપતા કહે છે - કુવામાં જલ લેવા નીચે ગયેલો કુંભ ભરાઈ જાય પછી જાણે તો પાણીમાં ડૂબે છે પણ સાથે થોડું દોરડું પણ ભીનું-પવિત્ર કરે છે, પરંતુ ખાલી ઘડો જે માત્ર પાણી પર સીધો પડી તર્યા કરે છે તે ખૂબ તો ભરાયો નથી પણ તેની સાથે બાંધેલું દોરડું પણ કોરું જ રહે છે.

## સુવિચાર

- સફળતાના ગગનમાં વિહરવા માટે પ્રબળ પુરુષાર્થ અને અતૂટ શ્રદ્ધાની પાંખો મેળવો - **સચ્ચિદાનંદ**
- પોતાની જાતને જીતી શકનાર માનવી જીવનમાં કદી પરાજિત થતો નથી - **જીવનસૂત્ર**
- સર્વોત્તમ માણસનું નિર્માણ તેણે કરેલી મોટામાં મોટી ભૂલોમાંથી થાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આ જીવન અને તેના સર્વ આનંદો પેલા બુઝાતા દિપક જેવા ક્ષણિક અને નાશવંત છે - **રાજ ભાસ્કર**
- નારી વિશ્વનું એન્જીન છે. પ્રેમ, શ્રદ્ધા અને સહયોગના ઈંધણ વગર આ એન્જીન સાત ડગલાં પણ આગળ વધી શકે નહીં - **કુંદનિકા કાપડિયા**
- અનેક ભાવ એવા હોય છે, જે હૃદયમાં પ્રવેશતા નથી પણ હૃદયને તેમાં પ્રવેશવું પડે છે - **રજનીશ**
- આજનું ઔષધ : તુલસીના પાનનો રસ પાંચ ટીપાં પાણીમાં નાખીને રોજ પીવડાવવાથી બાળકના સ્નાયુ અને હાડકાં મજબૂત બને છે.

## બોધકથા

આજકાલ આવડત, કૌશલ્યો, વફાદાર, નિષ્ઠાના પણ કરાર થાય છે અને વેંચી મારવામાં આવે છે આને વિશ્વાસઘાત-ખૂટલાઈ-કમાણીની સ્વાર્થવૃત્તિ કહી શકાય. કોઈ બાબતની પેટંટ લઈ લેવી, કે કોઈ એક વ્યક્તિ તેનો કોંટ્રેક્ટ આપી દેવો તે આનું નામ.

એક ગામનો એક લુહાર ખેતીના ઓજાર બનાવતો હતો એ નિષ્ઠા અને પરમ પરિશ્રમની ખૂબ રસ લઈ બનાવતો આસપાસના ગામના ખેડૂત બે-બે ત્રણ વર્ષથી પોતાનાં સાધનો નોંધાવી જતા હતા. તેના હાથ નીચે કેટલાક યુવાનો પણ એ જ નિષ્ઠાથી કામ કરતા.

શહેરમાં હાર્ડવેરના એક વેપારીએ તેની પ્રશંસા સાંભળી ત્યાં આવ્યો - અને કહ્યું તારી આવક અને વેંચાણ કિંમત કરતા તને બમણી રકમ આપીશ હવેથી તારાં ઓજાર મને એકલાને જ વેંચવાં. શહેરમાં મારું મોટું બજાર છે. ત્યાં હું માર્કેટીંગ દ્વારા આની સારી કિંમત પેદા કરીશ. તને તો ફાયદો છે જ ને?

લુહારે કહ્યું, મારા બાપા-દાદાના સમયથી ખેડૂતો મારી પાસેથી જ સાધન લે છે. તેમને હું દગો ન કરી શકું તેમનું શોષણ ન થાય એ મારી જવાબદારી છે હું મારાં કૌશલ્ય - પ્રામાણિકતા એમ વેંચી ન શકું!

# હળાહળ કળજુગ હોસ્પિટલોમાં?

જનસાધારણ માટે ડૉકટર એ જીવનદાતા ઈશ્વરનું જ હરતું ફરતું સ્વરુપ ગણાતું રહ્યું છે. ઈશ્વર જીવન આપે છે, ડૉકટરના ખોળે માથું મૂકી નિશ્ચિંત બની જતો હોય છે. ઘણી વાર દવા કરતાં પણ આ શ્રદ્ધા જ વધુ ફળથી જોવા મળે છે. ઘણી વાર દવા કરતાં પણ આ શ્રદ્ધા જ વધુ ફળતી જોવા મળે છે. આજે એકવીસમી સદીમાં પણ જનસાધારણની આ પરંપરાગત શ્રદ્ધા અક્ષુણ્ણ રહેવા પામી છે. હજી આપણે ઘણાં દરદીઓના મોઢે અણુક-તમુક ડૉકટરનો હાથ અડકતાં જ અડદું દરદ ગાયબ થઈ ગયાની વાત સાંભળીએ છીએ. અલબત્ત, એ શ્રદ્ધાનો જ ચમત્કાર છે. બીજી તરફ ભગવાન જેવા ડૉકટરને કયારેક હેવાન જેવો બનતો જોઈએ છીએ ત્યારે આ ઉમદા વ્યવસાય પ્રત્યે ભારે વિષાદ જન્મે છે. તાજેતરમાં બહુ જ જાણીતી કોર્પોરેટ હોસ્પિટલના એક ડૉકટરે આઈસીયુમાં ડેન્ગ્યુની સારવાર લઈ રહેલી મહિલા સાથે દુષ્કર્મ કર્યું હોવાની ઘટના બહાર આવી છે. ડૉકટર સાથે અન્ય કર્મચારીએ પણ એ મહિલા દરદીની મજબૂરીનો ગેરલાભ ઉઠાવ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. બેઉની ધરપકડ થઈ છે અને ચોંકાવનારી બાબતોનો પર્દાફાશ થઈ રહ્યો છે. દુષ્કર્મનો આરોપી પાકિસ્તાનથી ત્રણ વર્ષની પરમીટ પર ભારતમાં નોકરી કરવા આવેલો હિંદુ ડૉકટર છે. રાજયની ગુપ્તચર એજન્સીને હોસ્પિટલનાં કેટલાક બીજા કેટલાક પાકિસ્તાની ડોકટરો પણ નોકરી કરી રહ્યાની બાતમી મળી છે. દેખીતાં કારણો સર રાજયનું ગૃહખાતું સક્રિય બન્યું છે. હિંદુ હોવાથી દુષ્કર્મ આચરનાર ડૉકટર પાકિસ્તાનનો નાગરિક મટી જતો નથી. એ પોતાના દેશ માટે જાસૂસી પણ કરી શકે. આઈએસઆઈ આવા માણસો પાસે જ કામ લેવા ટેવાયેલી છે. રઘુવીર ચૌધરીની નવલકથા 'સોમતીર્થ' માં મહમૂદ ગઝની તીર્થયાત્રીના સ્વાંગમાં પોતાના દેશના હિંદુઓને મોકલીને જ હિંદુ મંદિરોના વૈભવની જાણકારી હાંસલ કરતો હોવાનું વર્ણન આવે છે. એટલે રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દે પણ આ ઘટના ઊંડી તપાસ માગી લે છે. બીજી તરફ હોસ્પિટલોમાં ફેલાઈ રહેલ દુરાચારનો પણ આ નાદર નમૂનો છે. દરદીઓની ઉત્તમ સારવારના નામે ખીસાં ખંખેરી લેતી કોર્પોરેટ હોસ્પિટલોમાં પણ આવા ગોરખધંદા ચાલતા હોય તો સરકારી દવાખાનાં અને ખાનગી નર્સિંગ હોમમાં આવું નહીં જ ચાલતું હોય એમ કઈ રીતે માની શકાશે? સેવાના

### તંત્રીસ્થાનેથી...

નામે મેવા કમાતા ડૉકટરો પાસે હવે તબીબી વ્યવસાયના મૂળભૂત આદર્શોની આશા રાખવી વધુ પડતી જ ગણાશે. અગાઉ પણ આવા દુષ્કર્મ તથા છેડતીના બનાવો નોંધાયા છે અને ડૉકટરોના દરદીઓ પ્રત્યે દુર્વ્યવહાર-અમાનુષી વર્ણતૂકના કિસ્સા તો છાશવારે છાપે ચડતાં રહે છે. કિડની જેવાં અંગો કાઢી લઈ એનો વેપાર કરનારા ડૉકટરોના કિસ્સા પણ જાણીતા છે. વિવિધ દવાઓના ટેસ્ટિંગ માટે પોતાની જાત પર જોખમ વહોરતા લાચાર દરદીઓ કે સરોગેટ મધર તરીકે સેવા આપતી ગરીબ સ્ત્રીઓને નામનું વળતર ચૂકવી મોટો દલ્લો ડૉકટરો પડાવી લેતા હોય છે. આપણા સુભાષિતકારે વર્ષો પૂર્વે કરેલો કટાક્ષ એકવીસમી સદીમાં પણ કેટલો પ્રાસંગિક લાગે છે!

**વૈદરાજ નમસ્તુભ્યં યમરાજ સહોદરમ્ ।**
**યમસ્તુ હરતિ પ્રાણામ્ વૈદ્યઃ પ્રાણાન્ ધનાનિ ચ ॥**

(યમદેવતાના સગા ભાઈ જેવા હે વૈદરાજ, તમને ઘણા ઘણા નમસ્કાર! યમરાજ તો ફક્ત પ્રાણ જ હરી જાય છે, તમે તો પ્રાણ ઉપરાંત ધન પણ પડાવી લેતા હો છો!)

# પ્રિવેન્શન ઓફ ઈમ્પોપર યુઝ એકટ ૧૯૬૦ મુજબ સરકારી હોદ્દાનો નામનો જાહેરાતમાં દૂરઉપયોગ ના કરી શકાય




તાજેતરમાં એક ટેલીકોમ કંપનીના સીમ કાર્ડ લોન્ચીંગમાં ભારે હોહા થઈ અને માત્ર એક ફોટાએ આખી પ્રોડકટની બ્રાન્ડ વેલ્યુને રાષ્ટ્રીય બ્રાન્ડ વેલ્યુ તરીકે સરખાવી જાહેરાત કરી. કંપનીના ફાયદા માટે રાષ્ટ્રને સાથે જોડી દૂરઉપયોગ કર્યાની હક્કિત સામે આવતા સમગ્ર વિશ્વમાં આ બાબતે ચર્ચા થઈ કે રાજદ્વારીના ફોટા કે નામનો ઉપયોગ એક કંપનીની પ્રોડકટના બ્રાન્ડ વેલ્યુ સાથે જોડી દૂરઉપયોગ ઉચીત છે કે કેમ? રાષ્ટ્રહિતના પ્રશ્ન ઉપર આ પ્રકારની જાહેરાતથી પૂર્ણવિરામ મુકાય કે અલ્પવિરામ? કોનો કયો રાષ્ટ્રપ્રેમ આનાથી સાબીત થાય? કે વ્યક્તિગત ફાયદા માટે રાજદ્વારીનો ગેરઉપયોગ થયો ગણાય? કંઈ કેટલાય કોર્પોરેટ એથીકના અને કાયદાના પ્રશ્નો ઉભા થાય એ સામાન્ય બાબત છે દરેક વ્યક્તિ જે સામાન્ય ભણેલ હોય તે પણ સમજી શકે કે આમા રાષ્ટ્રહિત કયાં આવ્યું? કે કોઈ એક કંપની સાથે દેશ નેતાને શું લેવા દેવા?

કાયદાની નજર ધ એમ્બલેમ એન્ડ નેમ્સ (પ્રિવેન્શન ઓફ ઈમ્પોપર યુઝ) એકટ ૧૯૬૦ની જોગવાઈઓનો દેખીતી રીતે જ ભંગ થયો ગણાય. કાયદાની નજરે અને જોગવાઈઓ મુજબ આ કંપનીનું અનુચીત પગલું ગણાય પરંતુ જયાં સુધી આવા રાજનેતા દ્વારા તેનો અસ્વીકાર ના થાય ત્યાં સુધી સામાન્ય પ્રજા કે અન્ય લોકો શું કરી શકવાના તે પ્રશ્ન ઉભો થાય.

કંપનીને વડાપ્રધાનની તસ્વીર છાપવાનો અધિકાર એક યા બીજી રીતે ગર્ભીત રીતે કે મુક સંમતીથી આપવામાં આવ્યો હોય તો પણ તે ન્યાઈક રીતે કાયદાકિય રીતે અયોગ્ય, ગેરબંધારણીય જ ગણી શકાય. સરકાર વિષયક અમુક નામ કે ચિત્રનો વ્યવસાયીક રીતે ખાનગી પેઢી કે કંપની દ્વારા ઉપયોગ કરવો એ બંધારણીય રીતે લોકોનો તે વ્યક્તિ કે સરકાર ઉપર મુકેલા વિશ્વાસના ભંગ સમાન છે. ખાનગી કંપની પોતાના વ્યક્તિગત સ્વાર્થ માટે પ્રોડકટની જાહેરાત માટે રાજનેતા કે રાજચીન્હનો ઉપયોગ કરી પોતાની કંપનીની શાખ કે આબરૂ વધારી જનમાસમાં ખોટા, ભ્રામક ખ્યાલોને પોતાની વગરની અસરકારતા સાબીત કરી કંપનીનો નફો વધારે તેમાં સમગ્ર ભારતનું જનહિત કેવી રીતે જળવાય? તેમજ આ પ્રોડકટની ઉપજથી સમાજહિતના કે જનઉપયોગમાં, સરકારી, અર્ધસરકારી સંસ્થા કે લશ્કરની મદદનો શુભ હેતુ સંકળાયેલો હોવાનું કોઈ જ જગ્યાએ પ્રોડકટ એડમાં દર્શાવવામાં આવતું નથી.

કંપનીની પાછળ ચોક્કસ રાજયાશ્રય છુપાયેલ હોવાનું સ્પષ્ટ થાય તેથી સરકારી એજન્સી યેનકેન રીતે આ કંપનીના ખોટા કામોને નજરઅંદાજ કરશે તેવું બૌદ્ધિક વર્ગ તથા કાયદાકિય તજજ્ઞો અનુમાન કરશે. સરકાર આવી રીતે કોઈ કંપની કે સેવાને વિધિસર રીતે આશ્રય આપી શકે નહિ તે બંધારણીય હક્ક અને અધિકારની વિપરીત બાબત છે એક સમયે જયારે કાનૂની રીતે પણ વ્યાજબી હોવાનું અનુમાન કરવામાં આવે તો પણ અન્ય કંપની માટે તો તે સમાનતાનો ભંગ કરનાર જ ગણાય. જાહેર ક્ષેત્રની સરકારી સાહસ હોય તો હજુ આ પ્રશ્ન ઉભો ના થાય પરંતુ એક કોર્પોરેટ ગૃહ જયારે આ પ્રકારનો વ્યુહ અપનાવે તો હરિફ કંપનીઓ ચોક્કસ ભય પામે અને કાયદાકીય કાયદેસરતા ગેરકાયદેસરતાના આક્ષેપો લગાવી સરકાર સામે આંગળી ચીંધે તે સામાન્ય બાબત છે.

સમગ્ર રીતે તમામ બાબત કંપની અને તેની બ્રાન્ડ વેલ્યુનું અવમૂલ્યન કરે છે તેમ પણ કહિ શકાય. સત્તાધિશોનું કામ સર્વેને સમાન લાભ, હક્ક અને તક આપી રોજગાર વધારવા પ્રોત્સાહન પુરૂં પાડવાનું છે પરંતુ તેવી કંપની સાથે પોતાનું નામ જોડવાનું સરકારનું પગલું અનુચિત કાયદામાં ગણી શકાય, બંધારણીય રીતે પણ તે અનુચિત ગણાય પરંતુ ''જેનો રાજા જ વેપારી હોય તેની પ્રજા ભીખ માંગે'' તે સર્વ સામાન્ય કહેવત છે જ.

કેટલીકવાર કોઈપણ પ્રોડકટની જાહેરાતમાં ફિલ્મ ક્ષેત્ર, રમતગમત ક્ષેત્ર કે રાજકિય ક્ષેત્રની અગ્રણી વ્યક્તિઓના નામની ભામ્રક જાળ ફેલાવી બ્રાન્ડીંગ કરવામાં આવે છે. જાહેરાતમાં જે અગ્રણીઓના ચિત્રો છપાય છે કે ભળતા નામ બોલાય છે તેમની મુક સમંતી હશે તેમ માનવામાં આવે છે કેટલીક ચિજવસ્તુના માર્કેટીંગમાં કેટલીય વખત સેલીબ્રેટીઓનો પોતાનો ઉદ્દેશ સિદ્ધ ના થાય તો વાંધા વિરોધ નોંધાય છે સરવાળે ઘી ના ઠામમાં ઘી પડી રહે છે.

પરંતુ તાજેતરની જીઓ કાર્ડની એડથી સરકારી નામ અને નેતાના ચિત્રનો ઉપયોગ કરવાથી સમગ્ર બાબતનો વિરોધ થતા એ સ્પષ્ટ છે કે બંધારણિય રીતે તથા કાયદાના પરિપેક્ષમાં

અનુસંધાન પાના નં. ૭ પર

# વિદ્યા, પદ, પ્રતિષ્ઠા કે હોદ્દો મેળવ્યા પછી સારા-ખરાબનો વિવેક ન ચૂકવો; વિનમ્રતાને જાળવી રાખવી!




જીવનમાં જડતા વગરની દૃઢતા કેળવવાનું કપરું છે. નમાલાપણું નમ્રતામાં ન ભળી જાય તે માટે સતત જાગતા રહેવું પડે છે. અવિનયને પ્રવેશવા દીધા સિવાય વિદ્યાને જીરવવી એ પણ ઓછું મુશ્કેલ નથી.

- ગુણવંત શાહ

આજના સમયમાં આપણે બધે જ એવા પ્રકારનો એક સમૂહ જોયો છે કે જે ગારડિયા પ્રવાહ મુજબ સારા-નરસાનો ભેદ જોયા, જાણ્યા કે સમજ્યા વિના દરેક બાબતને ઉપરછલ્લું જ મૂલવે છે. વાતના ઊંડાણમાં જઈને તેને સમજવાની ન તો કોઈને ફુરસદ છે કે ન તો કોઈ રસ! પોતાના મનમાં જે ગ્રંથિ બંધાયેલી હોય તેને જ સાચી માનીને ઘણીવાર વ્યક્તિ સાવ જડ વલણ રાખતા થઈ જતા હોય છે. પોતાની વાત પ્રત્યે દૃઢતા કેળવવી જરુરી છે પણ દૃઢ હોવું અને જડ બની જવું એ બંને વચ્ચેની પાતળી ભેદરેખાને જાણવી તેમજ સમજવી અત્યંત જરુરી છે. ધર્મને લઈને આ પ્રકારનું વલણ સૌથી વધુ પ્રમાણમાં જોવા મળે છે. દરેક વ્યક્તિ પોતાની સ્વતંત્ર બુદ્ધિ તેમ જ સ્વતંત્ર વિચારસરણી ધરાવે છે માટે જે-તે ધર્મ માટેની તેની દૃઢતા જડતામાં ન પરિવર્તિત થઈ જાય તે ધ્યાનમાં રાખવું જરુરી છે. કોઈ ધર્મ કયારેય કોઈને નુકશાન પહોંચાડવાનું કે હીન માનવાનું શીખવી શકે જ નહિ માટે જયારે જયારે ધર્મના કારણે કોઈ પણ પ્રકારનો વિવાદ સર્જાય ત્યારે માનવું કે વ્યક્તિમાં સમજણ વિનાની ધાર્મિક બાબતોની જડતા પ્રવેશી ચૂકી છે જેના પરિણામે તે આ પ્રકારનું નકારાત્મક કાર્ય કરવા પ્રેરિત થયા હશે! શ્રી સ્વામી સચ્ચિદાનંદ લખે છે તેમ,

'મઠો, મંદિરો, આશ્રમો, છપ્પનભોગ, સોનાના કળશો, સોના-ચાંદી મઢ્યા બારણાં અને બારસાખો, સામૈયાઓ, ભવ્ય વરઘોડાઓ - આ બધું કોઈ પણ જો માનવતા ન હોય, તમારા જ ધર્મ તથા સમાજના અંગભૂત અનાથ બાળકો કે લાચાર વિધવાઓ માટે જો કાંઈ જ ન થતું હોય તો તે બધાં ધાર્મિક જડતાનાં ચિહ્નો છે.'

અન્ય એક બાબત અત્યારે આપણે સૌ અનુભવી રહ્યા છે તે છે મહોરા પહેરીને જીવવાની રીત. બહારથી બધું જ સુંદર, સજજ અને સુશોભિત છે જયારે અંદરથી જીર્ણ-શીર્ણ ખંડેર જેવું ભયાનક ! પહેલાના શિક્ષકો અને વડીલોને આપણે કહેતા સાંભળ્યા છે કે 'સોટી વાગે ચમચમ વિદ્યા આવે ઝમઝમ' પરંતુ, હવે માતા-પિતા, શિક્ષકો કે અંગત સંબંધીઓ પણ સાચી વાત કહેતા અચકાય છે. નમ્ર બનવાની આડશમાં કયાંક એક પ્રકારનું નમાલાપણું પ્રવેશી ગયું છે. દરેક વ્યક્તિ, દરેક સંબંધમાં જે - તે વ્યક્તિને સંબંધિત વાત તેને મોઢામોઢ કહી શકતી નથી. દરેકને બીજાને સારું લાગે તેવી ખોટી વાહ-વાહ અને પ્રશંસા કરવામાં જ રસ છે તેવું નથી પણ ધીરે-ધીરે આ પ્રકારની કુટેવ તેમના જીવનનો, તેમના સ્વભાવનો જ એક ભાગ બની ગઈ છે તેનો તેમને ખુદને પણ ખ્યાલ રહેતો નથી. ઉલ્ટું, તેને એકલો પાડી દઈને તેની હાંસી ઉડાવવામાં આવે છે. વોટ્સએપ પર હમણાં એક વાત ખૂબ ફરતી થઈ છે કે,

'અમારી ખામી અને ખુબીની વાત અહીં અમને જ કરજો, કેમ કે અમારી બીજી કે શાખા નથી...'

ઈશ્વરે ખુદ પોતે જ એ બાબતનું ખાસ ધ્યાન રાખ્યું છે કે એક જેવા બે વ્યક્તિઓ બનાવ્યા જ નથી. દરેક વ્યક્તિને ઘડવા માટેની તેની પાસે અલગ 'ડાઈ' અલગ 'મોલ્ડ' હોય છે અને એકવાર આ એક 'મોલ્ડ' વાપર્યા પછી તે ફરી કયારેય તેને રીપીટ પણ કરતો નથી. માટે દરેક વ્યક્તિ એકબીજાથી અલગ જ હોવાની તે અત્યંત સાહજિક અને સ્વાભાવિક છે. જે વાત એક માટે યોગ્ય હોય તે અન્ય માટે ન હોય તેમ પણ બને માટે કોઈ પણ વ્યક્તિને એકસરખી રીતે ન મૂલવીએ તે જ જરુરી છે અને છતાં જો કોઈ બાબત કયાંક ખટકે તો તે મોઢામોઢ કહેવાની હિંમત પણ કેળવીએ અને જે કહી રહ્યું છે તેની નિયતને સમજવાની કોશિષ કરીને તેને સાંભળવાનું ધૈર્ય પણ વિકસાવીએ તે અત્યંત આવશ્યક છે.

ત્રીજી અને આવી જ મહત્ત્વની બાબત છે વિદ્યા, પદ, પ્રતિષ્ઠા કે હોદ્દો મેળવ્યા પછી પણ સારા ખરાબનો વિવેક ન ચૂકવો; વિનમ્રતાને જાળવી રાખવી ! આપણે હંમેશા આ બાબત જોઈ તેમ જ અનુભવી છે કે વ્યક્તિમાં વિદ્યા મેળવતી વખતે જે વિનય, વિવેક અને નમ્રતા હોય છે તે વિદ્યા મેળવ્યા પછી વધવાને બદલે ક્રમશઃ ઘટતી જાય છે. તેનામાં એક પ્રકારનો ઘમંડ અને મિથ્યાભિમાન અજાણતાં જ પ્રવેશી જાય છે અને તેના કારણે ઘણીવાર વ્યક્તિનું સામાજિક કે આર્થિક અધઃપતન થઈ જતું હોય છે. આ નુકશાન એ કોઈ વ્યક્તિગત નુકસાનમાત્ર નથી. પરંતુ, લાંબા ગાળે આ પ્રકારનું વર્તન કરનારા લોકો આપણી સમાજવ્યવસ્થાને ખોરવી દેતા હોય તેવું પણ જાણમાં આવે છે. અંગ્રેજી કવિ વર્ડ્ઝવર્થ પોતાની બહેન ડોરોથી સાથે સ્કૉટલેન્ડ ગયા ત્યારે ફરવા નીકળ્યા. ખેતરમાં એક કિસાન કન્યા લણણી કરતી જાય અને ગીત ગાતી જાય. વર્ડ્ઝવર્થને તેની ભાષા, તેનું ગીત બિલકુલ સમજાયું નહીં પણ જે મસ્તીથી એ કિસાન કન્યા ગીત ગાતી હતી એનાં સ્પંદનો કવિતા સંવેદનશીલ ચિત્તને અસર કરી ગયાં. ભાષાનો અંતરાય ખરી પડ્યો અને વર્ડ્ઝવર્થે એ લણણી કરનારી કન્યા ઉપર એક કવિતા લખી જે પ્રખ્યાત છે. એ કવિતાનું શીર્ષક છે : 'સોલિટરી રીપર' એમાં વર્ડ્ઝવર્થ કહે છે કે, એ કિસાન કન્યાની મર્યાદા જાળવજો, એને કોઈ ડિસ્ટર્બ કરતાં નહીં. એ એની મસ્તીમાં મસ્ત છે. ગાતી જાય છે, કામ કરતી જાય છે. એને તમારી હાજરીથી ખલેલ પહોંચાડશો નહીં. પછી વર્ડ્ઝવર્થ એમાં એક પંક્તિ લખે છે :

'સ્ટોપ હીયર, ઓર જેન્ટલી પાસ. કાં તો અહીં થોભો અદબપૂર્વક, કાં તો શાંતિથી ખલેલ પહોંચાડ્યા વિના પસાર થઈ જાવ.' વિદ્યા મેળવવાની સાથોસાથ વિનયને પણ જાળવી રાખવાનું આનાથી ઉત્તમ કોઈ ઉદાહરણ ન આપી શકાય. તો આપણે પણ આ પ્રકારની સભાનતા આપણામાં કેળવીએ તે અત્યંત આવશ્યક છે.

- nehalgadhavi101@gmail.com

# ભારતીય ઈતિહાસના નાયકોને બદનામ કરવાનાં કરતૂત




ક્યારેક મહાત્મા ગાંધી, પંડિત મદનમોહન માલવિયા, પંડિત જવાહરલાલ નેહરુ,સરદાર પટેલ, નેતાજી સુભાષચંદ્ર બોઝ, મોહમ્મદ અલી ઝીણા, મૌલાના અબુલ કલામ આઝાદ, આચાર્ય કૃપાલાની, ડૉ.રામ મનોહર લોહિયા, પેરિયાર ઈ.વી.રામાસ્વામી,ઈ.એમ.એસ.નામ્બૂદિરિપાદ,ડૉ. કેશવ બલિરામ હેડગેવાર,ડૉ..શ્યામા પ્રસાદ મુકરજી જેવા દેશનેતાઓ કૉંગ્રેસમાં રહી સાથે મળીને આઝાદી માટેની લડત ચલાવતા હતા.વિચારભેદ હતા પણ બ્રિટિશ શાસકોને પાછા વિલાયત ભેગા કરવાની એમની નેમ એક હતી.સમયાંતરે અલગ પક્ષ અને વિચારને સ્વીકારીને આગળ વધ્યા. ઝીણાએ તો મુસ્લિમ લીગમાં જોડાઈ એના સુપ્રીમો થઈ બ્રિટિશ ઈંડિયાના ભાગલા માટેની ફરજ પાડીને પાકિસ્તાન લીધું.આ તમામ નેતાઓની વિશેષતાઓ અને મર્યાદાઓ છતાં ભારતની આઝાદીના સંગ્રામમાં એમનું યોગદાન હતું એને નકારી શકાય નહીં. આજકાલ સોશિયલ મીડિયામાં ઐતિહાસિક ઘટનાઓને લોકપ્રિય વાઘા ચડાવીને એવી ગળચટી રીતે મૂકવામાં આવે છે કે એને વાંચનારા બીજાને ફૉરવર્ડ કરવાની હોંશ દાખવતાં એની સચ્ચાઈનું નીરક્ષીર કરવાનું ભાગ્યેજ વિચારે છે.ઈતિહાસપુરુષોને આગળ કરીને વર્તમાનમાં રાજકીય લાભાલાભના જે ખેલ રચાય છે, એ જોતાં બુદ્ધિ અને તર્કથી વિચારનારાઓને સઘળા વ્યાયામમાં ઈતિહાસનું નર્યું વિકૃતિકરણ થઈ રહેલું લાગવું સ્વાભાવિક છે.

હમણાં આઝાદી બચાવો આંદોલનવાળા સ્વ.રાજીવ દીક્ષિતની અનેકોને ખુલ્લા પાડનારી અને હાઉસ ઑફ કૉમન્સ તથા હાઉસ ઑફ લૉર્ડસના દસ્તાવેજોના નામે ઝીંકે રાખનારી વ્યાખ્યાનશ્રેણીમાંના એક વ્યાખ્યાનને યુ-ટ્યૂબ પર સાંભળવાનો પ્રસંગ આવ્યો. વ્યક્તિગત રીતે અમે રાજીવ દીક્ષિત અને એમણે રજૂ કરેલાં બણગાંથી પરિચિત હોવાથી કુતૂહલવશ 'નેહરુ ડાઈડ ઑફ એઈડ્સ'વાળું એમનું વ્યાખ્યાન સાંભળ્યું, ત્યારે અમારા ૯૬ વર્ષીય વડીલ મિત્ર પ્રા.નગીનદાસ સંઘવીના શબ્દોનું સ્મરણ થઈ આવ્યું. મુંબઈ ખાતે કાંદીવલીના જૈન ઉપાશ્રયમાંના રાજીવના વર્ષો પૂર્વેના વ્યાખ્યાનના અધ્યક્ષસ્થાને આ લખનાર હતો અને રાજીવનાં વ્યાખ્યાનોની સૌપ્રથમ કેસેટમાં એ જ વ્યાખ્યાન કંડારાયેલું હતું. રાજીવની એ પછી પ્રકાશિત અને અમારા ઘરે જ લેવાયેલી મુલાકાત વાંચીને ઈતિહાસ અને રાજયશાસ્ત્રના પ્રાધ્યાપક રહેલા કટારલેખક સંઘવીએ કહ્યું હતું : ' રાજીવ તો ૧૦૦ વર્ષ પહેલાં ગુજરી ગયેલી વ્યક્તિને ૧૦૦ વર્ષ પછી જન્મેલી વ્યક્તિ સાથે મુલાકાત કરાવે છે.' જોકે રાજીવની વાકછટા એવી હતી કે એ ઉપજાવી કાઢેલાં તથ્યોને એવી ગળચટી શૈલીમાં રજૂ કરે કે ત્રણ કલાક સુધી કોઈ શ્રોતા આઘોપાછો થવાનું નામ ના લે. નવેમ્બર ૨૦૧૦માં રાજીવનું છત્તીસગઢના ભીલાઈ ખાતે હાર્ટઅટેકથી અવસાન નીપજ્યું ત્યારે એનું આળ બાબા રામદેવ પર નાંખવાનો પ્રયાસ થતો રહ્યો હતો. રાજીવે રામદેવને પણ ઍકસ્પોઝ-શ્રેણીમાં આવરી લીધા હતા. આ યોગગુરુએ મીડિયામાં સ્પષ્ટતા કરી હતી કે રાજીવ હકીકતમાં હાર્ટઅટેકથી મૃત્યુ પામ્યા છતાં એક કૉંગ્રેસીનેતા આ પ્રકરણ સાથે મારું નામ જોડવા માંગે છે. રામદેવે એ કૉંગ્રેસીનેતાનું નામ ક્યારેય જાહેર કર્યું નહોતું.

રાજીવ દીક્ષિતનાં આજે ય યુ-ટ્યુબ પરનાં તમામ વ્યાખ્યાનોમાં રજૂ થયેલી બાબતો ચકાસવાની અને એમને ઐતિહાસિક તથ્યોની એરણે નાણી જોવાની આવશ્યકતા હોવાનું અમને નેહરુ-ઝીણા-ઍડવિના વિષયક ઉપરોક્ત વ્યાખ્યાન પરથી વર્તાયું હતું. નેહરુને ઍડવિનાએ એઈડ્સનો સંપર્ક કરાવ્યાનો દાવો કરનાર રાજીવ દીક્ષિત કરે છે. તત્કાલીન બ્રિટિશ વાઈસરૉય અને પાછળથી ગવર્નર-જનરલ થયેલા લૉર્ડ લુઈસ માઉન્ટબેટનની પત્ની ઍડવિના માઉન્ટબેટનને એ ભારત અને પાકિસ્તાનના ભાગલા માટે નિર્ણાયક પરિબળ ગણાવે છે. ઍડવિના સાથેના નેહરુના 'પ્લૅટોનિક લવ'ની વાત તો જાણીતી છે. નેહરુ-ઍડવિના સાથે મળીને ધૂમ્રપાન કરતાં હોવાની અને એમની વચ્ચે મૈત્રી હોવાની વાત અજાણી નથી, પરંતુ રાજીવના કહેવા મુજબ ઍડવિના એટલી ચાલાક હતી કે લંડનમાં હૅરિસ કૉલેજમાં તેના બે સહાધ્યાયી પંડિત જવાહરલાલ નેહરુ અને મોહમ્મદ અલી ઝીણાને એકસાથે નચાવતી હતી. માઉન્ટબેટનને ભારત મોકલવાનું નક્કી થયું એના થોડા સમય પહેલાં જ બ્રિટિશ ગુપ્તચર સંસ્થાએ ઍડવિના સાથે લુઈસ(ડિકી)નાં 'નામકે વાસ્તે' લગ્ન કરાવી દીધાં. એ બેઉ જણે ક્યારેય એક રાત શયનખંડના પલંગ પર સાથે ગુજારી નહીં હોવાનો પણ દીક્ષિતનો દાવો હતો.ઉત્તરપ્રદેશના અલીગઢ પાસેના ગામમાં જન્મીને ૪૩ વર્ષની વયે મૃત્યુ સમયે ગાંધીજીના સેવાગ્રામમાં રહીને આઝાદી બચાવો આંદોલનથી લઈને ભારત સ્વાભિમાન આંદોલન સુધીના કાર્યક્રમો હાથ ધરતા રહેલા સ્વદેશીના સૂત્રધાર રાજીવની વાતોને નીરક્ષીર કરવાની જરૂર ખરી.

હકીકતમાં એ નર્યું જુઠાણું છે કે નેહરુ, ઝીણા અને ઍડવિના એક જ કૉલેજમાં સહાધ્યાયી હતાં અને બેઉને ઍડવિના નચાવતી હતી. હૅરોની શાળા પછી નેહરુ કૅમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજમાં ભણ્યા. નેચરલ સાયન્સીસમાં સ્નાતક થયા પછી તેમણે 'ઈનર ટૅમ્પલ'માંથી બૅરિસ્ટરની પદવી મેળવી હતી. ઝીણા તો મેટ્રિક પણ નહોતા થયા. લંડન ધંધાર્થે જ ગયા હતા અને ત્યાં બૅરિસ્ટર થવાનું સૂઝયું એટલે ખાસ મંજૂરી લઈને 'લિંકન્સ ઈન' માંથી તેમણે બૅરિસ્ટરની પદવી મેળવી. સ્ટેન્લી વોલ્પર્ટ જ નહીં, સલીમ કુરેશીએ પણ ઝીણાના જીવન વિશે પ્રકાશિત કરેલા ગ્રંથો સ્પષ્ટ કરે છે કે ઝીણા ક્યારેય લિંકન્સ ઈન સિવાય લંડનમાં અન્યત્ર ભણ્યા નથી. ઍડવિના ક્યારેય કોઈ કૉલેજમાં ભણવા ગઈ જ નથી!

ઍડવિના સિન્થિયા ઍનેટી ઍશલે તો કૉન્ઝર્વેટિવ મૅમ્બર ઑફ પાર્લામેન્ટ રહેલા વિલ્ફ્રેડ વિલિયમ ઍશલેની સૌથી મોટી દીકરી હતી. એને નાના તરફથી પણ બેસુમાર દોલત વારસામાં મળી હતી. આ ઍડવિનાનાં લગ્ન હજારો લોકોની હાજરીમાં ૧૮ જુલાઈ ૧૯૨૨ના રોજ, રાજવી પરિવારના મહાનુભાવોની પણ ઉપસ્થિતિમાં, લુઈસ માઉન્ટબેટન સાથે થયાં હતાં; લૉર્ડ માઉન્ટબેટનને ૨૦ માર્ચ ૧૯૪૭ના રોજ ભારત આવવાનું હતું એના થોડા વખત પહેલાં નહીં ! લૉર્ડ અને લેડી માઉન્ટબેટન ભારત આવ્યાં ત્યારે ૧૯૨૯માં જન્મેલી તેમની નાની દીકરી પમેલા પણ સાથે આવી હતી. મોટી દીકરી પૅટ્રિશિયા ૧૯૨૪માં જન્મી હતી. લૉર્ડ અને લેડી માઉન્ટબેટનની નાની દીકરી પમેલાએ આત્મકથામાં પોતાની માતાના નેહરુ સાથેના પ્રેમસંબંધોની વાત ખૂબ મોકળાશથી લખ્યા છતાં બંને વચ્ચે ક્યારેય સેક્સ સંબંધ બંધાયાનું નકાર્યું છે. રાજીવ દીક્ષિતે કોણ જાણે ક્યાંથી શોધી કાઢ્યું કે ઍડવિનાએ નેહરુને એઈડ્સની ભેટ આપી હતી. નેહરુને એઈડ્સ ભેટમાં મળ્યો તો પછી ઝીણાને ટીબી કેમ?

ભારતના વિભાજન માટે ઍડવિનાએ નેહરુ અને ઝીણા બેઉ સાથેની અશ્લીલ તસવીરોને આગળ કરીને 'સહી કરો નહીં તો ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં છપાવી દઈશ' એવી ધમકી આપી બેઉને બ્લેકમેઈલ કરીને ભાગલા માટેના દસ્તાવેજ પર સહીઓ કરાવી લીધાનાં ચમત્કારિક તથ્ય રાજીવ દીક્ષિત આગળ ધરે છે. હકીકતમાં રાજીવ જે તારીખે ઍડવિનાએ નેહરુના હસ્તાક્ષર કરાવ્યાનું કહે છે(૩ જુલાઈ ૧૯૪૭) એ પૂર્વે તો સરદાર વલ્લભભાઈ પટેલે વી.પી.મેનનની ભાગલાની યોજના માઉન્ટબેટન મારફત કબૂલ રાખી હતી. ૩ જૂન ૧૯૪૭ના રોજ તો લૉર્ડ માઉન્ટબેટને સત્તાવાર રીતે ભાગલાથી ભારત સંઘ તથા પાકિસ્તાન સંઘ થશે અને દેશી રાજ્યો બંનેમાંથી કોઈ એક સાથે જોડાઈ શકે અથવા સ્વતંત્ર રહી શકે તેના નિર્ણય

અનુસંધાન પાના નં. ૭ પર